New Constitution 04

ચેરિટી કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદ સમક્ષ

સ્કીમ અરજી નંબર ૨૪/૨૦૧૦

અરજદારઃ- ૧. શ્રી કાંતીલાલ કેશવલાલ નાયી
પ્લોટ નં.૩૭૩, એ-૧, શાંતિકુંજ સોસાયટી,
સેકટર-૨૮, ગાંધીનગર.

૨. શ્રી નાનુભાઇ એમ.વાળંદ
૧૦૩, જાનકી ફ્લેટ, પરિમલ ક્રોસીંગ પાસે,
પાલડી, અમદાવાદ.

૩. શ્રી ગોપાલભાઇ ગુલાબચંદ શર્મા
પ્લોટ નં.૫૦૫/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.

૪. શ્રી બાબુભાઇ પ્રહ્લાદભાઇ લીંબચીયા,
પ્લોટ નં.૧૧૦/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.

૫. શ્રી આત્મારામ મોહનલાલ વાળંદ
આત્મજયોતિ, પ્લોટ નં.૩૫૫/૨,
સેકટર-૨૨, ગાંધીનગર.

૬. શ્રી કાળીદાસ કચરાલાલ પારેખ
૪, દેવદાસ સોસાયટી, ડી-કેબીન,
સાબરમતી, અમદાવાદ-૧૯

૭. શ્રી મફતલાલ શીવરામ શર્મા
એ/૧૨, વિદ્યાલક્ષ્મી એપાર્ટમેન્ટ, કેશવનગર પાસે,
સુભાષબ્રીજ, અમદાવાદ.

૮. સુરેશભાઇ જીવણલાલ શર્મા
૪૫, ધનલક્ષ્મી ઇન્ડ. એસ્ટેટ, શાહીબાગ, અમદાવાદ-૪

૯. શ્રી દીલીપ જાદવજી વાઘેલા.
૩૦૨, ધારા કોમ્પલેક્ષ, પૂર્વી સોસાયટી, વિભાગ-૧,
વરાછા રોડ, સુરત.

માહિતી અધિકાર અધિનિયમ
અન્વયે નકલ આપી.

વિ રુ ધ્ધ

સામાવાળાઃ- કોઇ નથી

અરજદાર તરફે એડવોકેટશ્રી સી.જી.શર્મા,

**વિષયઃ- ગુજરાત વાળંદ સેવા સંઘ,**
**નોંધણી નંબર એ/૧૮૨૪/અમદાવાદ**

**મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ૧૯૫૦ ની કલમ ૫૦(એ) હેઠળ**

આ કામે અરજદારોએ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ ૫૦(એ) મુજબ ગુજરાત વાળંદ સેવા સંઘ કે જેનો નોંધણી નંબર એ/૧૮૨૪/અમદાવાદ છે. તેના વહીવટ અને સંચાલન માટે સ્કીમ કરવા માટે હાલની અરજી કરેલી છે. ગુજરાત વાળંદ સેવા સંઘ એ નામથી ટ્રસ્ટની નોંધણી થયેલી છે. બંધારણમાં કેટલીક અગવડભરી જોગવાઇ છે. જેને કારણે ટ્રસ્ટને આર્થિક ખર્ચ ભોગવવો પડે છે તથા ટ્રસ્ટના વહીવટમાં ઉચાપત અને વિવાદો ચાલ્યા આવે છે. આ કારણે ટ્રસ્ટનો વિકાસ રુંધાય છે. તથા કોઇ એક ગૃપ દ્વારા મોટી સંખ્યામાં સભ્યો નોંધાવી ટ્રસ્ટની મિલકત ઉપર કબજો જમાવી લે તેવું પણ બનવા પામે. આ સંજોગોમાં બંધારણમાં કેટલાક સુધારા કરવા જરૂરી હોવાથી ટ્રસ્ટીઓએ બંધારણમાં સુધારા અંગેની મીટીંગ તા.૧૯/૧૦/૨૦૦૮ ના રોજ બોલાવેલી. નિષ્ણાંત વ્યકિતઓની કમિટીની રચના કરેલી. કેટલાક સુધારા કરેલા છે. જે સુધારા તા.૨૮/૧૧/૨૦૦૯ ની સામાન્ય સભામાં મંજૂર થયેલા છે. અને તે મુજબ નવી સ્કીમ ઘડવાની જરૂર હોય, હાલની અરજી કરેલી છે.

ની અધિકાર અધિનિયમ
યે નકલ આપી.

(૨) આ કામે પૂર્તતા થતાં વાંધા અંગે જાહેર નોટિસ તા.૪ નવેમ્બર, ૨૦૧૦ ના સંદેશ દૈનિકમાં આપવામાં આવેલી છે. જે નોટિસ આવ્યા બાદ કોઇ વાંધાઓ આવેલા નથી. જેથી સદરહુ કામ પુરાવાઓ ઉપર આવેલ છે. આ કામે અરજદારે પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે. બીજો કોઇ પુરાવો આપવો નથી તેવી પુરસીસ આપેલી છે. તેમજ પુરસીસથી પ્રથમ ટ્રસ્ટીઓ તરીકે જેમને નિમવા જોઇએ તેમના સંમતિ પત્રો રજૂ કરેલાં છે.

(૩) આ કામે સદરહુ ટ્રસ્ટ અંગે જે સ્કીમ છે તેમાં ~~કેટલીક~~ અગવડતા હોવાને કારણે વિવાદો ઉભા થયેલા છે. અને જે વિવાદોને કારણે ટ્રસ્ટનો વિકાસ રૂંધાયેલ છે. જે જે સુધારા કરવા જરૂરી જણાયેલ તે સુધારા કરી

સામાન્ય સભામાં મંજૂર થયેલા છે. મહાસમિતિની મીટીંગના ઠરાવો રજૂ થયેલા છે. મીટીંગ અંગેની નોટિસ પણ રજૂ થયેલી છે. પી.ટી.આર.ની નકલ રજૂ કરેલી છે. જે જે ફેરફાર કરવાના હતા તે અંગે ઠરાવ રજૂ કરેલ છે તથા નવી સ્કીમ કરવા અંગે ટ્રસ્ટીઓ દ્વારા ઠરાવ કરવામાં આવેલ છે. રજૂ થયેલ કેસની સમગ્ર હકીકત જોતાં તથા બંધારણમાં જે ફેરફાર કરેલા છે તે વ્યાજબી, ન્યાયી અને યોગ્ય છે. તે સામે કોઇ વાંધાઓ આવેલા નથી. ઉપરના સંજોગોમાં સ્કીમ કરવા માટે વ્યાજબી અને ન્યાયી કારણ હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-- હુ ક મ --

અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

ગુજરાત વાળંદ સેવા સંઘ કે જેનો નોંધણી નં. એ/૧૮૨૪/ અમદાવાદ છે. તેના વ્યવસ્થિત સંચાલન અને વહીવટ માટે આ સાથેના પરિશિષ્ટ મુજબ સ્કીમ ઘડવામાં આવે છે.

સદરહુ ટ્રસ્ટમાં નીચે મુજબના ટ્રસ્ટીઓ પ્રથમ ટ્રસ્ટીઓ રહેશે.

૧. શ્રી કાંતીલાલ કેશવલાલ નાયી
પ્લોટ નં.૩૭૩, એ-૧, શાંતિકુંજ સોસાયટી,
સેકટર-૨૮, ગાંધીનગર.

૨. શ્રી નાનુભાઇ એમ.વાળંદ
૧૦૩, જાનકી ફલેટ, પરિમલ ક્રોસીંગ પાસે,
પાલડી, અમદાવાદ.

માહિતી અધિકાર અધિનિયમ અન્વયે નકલ આપી.

૩. શ્રી ગોપાલભાઇ ગુલાબચંદ શર્મા
પ્લોટ નં.૫૦૫/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.

૪. શ્રી બાબુભાઇ પ્રહ્લાદભાઇ લીંબચીયા,
પ્લોટ નં.૧૧૦/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.

૫. શ્રી આત્મારામ મોહનલાલ વાળંદ
આત્મજયોતિ, પ્લોટ નં.૩૫૫/૨,
સેકટર-૨૨, ગાંધીનગર.

૬. શ્રી કાળીદાસ કચરાલાલ પારેખ
૪, દેવદાસ સોસાયટી, ડી-કેબીન,
સાબરમતી, અમદાવાદ-૧૯

૭. શ્રી મફતલાલ શીવરામ શર્મા
એ/૧૨, વિદ્યાલક્ષ્મી એપાર્ટમેન્ટ, કેશવનગર પાસે,
સુભાષબ્રીજ, અમદાવાદ.

૮. સુરેશભાઇ જીવણલાલ શર્મા
૪૫, ધનલક્ષ્મી ઇન્ડ. એસ્ટેટ, શાહીબાગ, અમદાવાદ-૪

૯. શ્રી દીલીપ જાદવજી વાઘેલા.
૩૦૨, ધારા કોમ્પલેક્ષ, પૂર્વી સોસાયટી, વિભાગ-૧,
વરાછા રોડ, સુરત.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે, હુકમ તારીખથી બનતી ત્વરાએ તાત્કાલિક સ્કીમનો અમલ કરવો.

અરજીના ખર્ચ પેટે રૂા.૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) પી.ટી.એ. ફંડમાં જમા કરાવવા.

માહિતી અધિકાર અધિનિયમ અન્વયે નકલ આપી.

આજ તા.૧૮/૧૨/૨૦૧૦ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

આખરી હુકમની જાણ પક્ષકારોને કરવી. હુકમની તેમજ સ્કીમની સંપૂર્ણ પ્રમાણિત નકલ નાયબ ચેરિટી કમિશનરશ્રી અમદાવાદને મોકલવી.

સ્થળઃ- અમદાવાદ
તારીખઃ-૧૮/૧૨/૨૦૧૦

(હ.મ.ધોલકીયા)
ચેરિટી કમિશનર,
ગુજરાત રાજય, અમદાવાદ.

## શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ, નો.નં. એ/૧૮૨૪/અમદાવાદ

## ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટેની યોજનાનો મુસદ્દો:-

## પરિશિષ્ટ—અ

(૧) નામ :-

આ સંસ્થા "શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ" એ નામે ઓળખાશે.

(૨) ઉદ્દેશ :-

ગુજરાત (એટલે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ) માં વસતી હિન્દુ વાળંદ જ્ઞાતિની સર્વાંગી ઉન્નતી.

(૩) ઉદ્દેશનું દિગદર્શન અને કાર્યક્ષેત્ર :-

(અ) કેળવણી પ્રચાર

(બ) જ્ઞાતિ સંગઠન

(ક) સામાજીક સુધારા

(ડ) માસિક પ્રકાશન

(ઈ) સમય અને સંજોગોનુસાર કંઈક વધુ કરવા જેવું લાગે તે સંઘનું મુખ્ય કાર્ય કેળવણી પ્રચાર રહેશે.

...ધિકાર અધિનિયમ
...કલ આપી.

(અ) કેળવણી :-

૧. જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કેળવણીને લગતી પ્રવૃતિઓ શરૂ કરવી.

૨. કેળવણીના સર્વ ક્ષેત્રોને વિશાળ અર્થમાં પોષવા પ્રવૃતિઓ આદરવી.

૩. ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને જોઈતી મદદ મર્યાદાનુસાર કરવી.

૪. સંસ્થાના ફંડ અનુસાર ઉચ્ચ અભ્યાસ માટે પરદેશમાં જવા ઈચ્છતા યોગ્ય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મદદ કરવા શક્ય પ્રબંધ કરવો.

૫. ઉચ્ચ અભ્યાસ માટે કોઈપણ કોલેજ (જેમાં આર્ટ વ્યાપાર (કોમર્સ) વિજ્ઞાન (સાયન્સ), વૈદકીય (મેડીકલ), ઈજનેરી (એન્જીનીયરીગ), ખેતીવાડી (એગ્રીકલ્ચર) અને વકીલો (લો) નો અભ્યાસ કરાવવામાં આવતો હોય તેવી ખાનગી, રાષ્ટ્રીય કે સરકારી કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને શિષ્યવૃતિ આપવી અગર લોન (ઋણ) રૂપે મદદ કરવી.

૬. જ્ઞાતિમાં માધ્યમિક કેળવણી લેતા યોગ્ય વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને ફી, પુસ્તકો અને અન્ય મદદ વગેરે આપી પ્રોત્સાહન આપવું.

૭. આ 'સંઘ' ને યોગ્ય લાગે ત્યારે અમદાવાદમાં તેમજ અન્ય સ્થળોએ સંસ્થાની સધ્ધરતા અને સંજોગોનુસાર છાત્રાલયો ખોલવા અને ખોલાવવા.

૮. જ્ઞાતિના અન્ય વિદ્યાર્થીગૃહોનો વહીવટ જે સંઘના ધ્યેય અને ધોરણને અનુરૂપ રહી સોંપવા તૈયાર હોય તો સ્વીકારવો.

૯. સંસ્થાના ધ્યેય અનુસાર જ્ઞાતિ ઉન્નતિ અથવા કેળવણીને લગતા હેતુઓ માટે સંઘને સમર્પિત થયેલ ટ્રસ્ટનો સ્વીકાર કરવો અથવા સંઘના ધ્યેય અનુસાર બહેનોને ગૃહઉદ્યોગ જેવી પ્રવૃતિઓમાં પ્રોત્સાહન મળે તેવી યોજના કરીને આપે તો તેનો વહીવટ સ્વીકારવો.

૧૦. બહેનોને કેળવણી ઉપરાંત ગૃહઉદ્યોગ માટે પ્રોત્સાહન આપવું.

(બ) સંગઠન :–

જ્ઞાતિનું ઐકય સાધવા સારૂ જ્યાં શકય હશે ત્યાં પોતાની શાખાઓ–સ્થાપી સભાઓ ભરશે. એટલું જ નહી પણ હાલ જે વિભાગોમાં સ્વતંત્ર મંડળો કામ કરતા હશે તે મંડળો "શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ" ના ધ્યેય અને કાર્યને અનુરૂપ રહીને "સંઘ" સાથે જોડાવા માંગતા હશે તો તેમ અગર અરસપરસના કાર્યની એકતા સાધી એકબીજાને ઉપયોગી થવાય અને જ્ઞાતિનું કાર્ય સરળતાથી ઉકલે અને ઐકય વધે તેવા પ્રયત્ન કરવામાં આવશે.

અધિકાર અધિનિયમ નકલ આપી.

(ક) સામાજિક સુધારા :–

જ્ઞાતિમાં ક્રમશઃ સામાજિક સુધારા કરશે અને કરાવવા પ્રયત્ન કરશે.

(ડ) માસિક પ્રકાશન :–

જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અને પ્રચાર અર્થે "વાળંદ વિકાસ" નામનું માસિક પ્રગટ કરવામાં આવશે.

(૪) સભ્ય :–

મુળ ગુજરાતના હિન્દુ નાયી–વાળંદ, લિંબાચીયા વિગેરે આપણી જ્ઞાતિના દેશ–પરદેશમાં રહેતા પુખ્ત ઉંમરના ભાઈ–બહેન જે આ "સંઘ" ના ધ્યેય અને કાર્યમાં માનતા હોય તે સભાસદ થવા માટેનું નિયત નમુનાનું ફોર્મ અને ફી ભરી "સંઘ" ના સભાસદ થઈ શકશે.

(૫) સભ્યના પ્રકાર :–

આ સંસ્થાની સામાન્ય સભાના સભ્યો ત્રણ (૩) પ્રકારના રહેશે.

૧. દાતા :–

સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિત એકી સાથે રૂા.૧૧૦૦૦/– (રૂપિયા અગિયાર હજાર) કે તેથી વધુ રકમનું દાન આપે તેને કાયમી સભ્ય તરીકે ગણવામાં આવશે. આ પ્રકારના સભ્યનું અવસાન થતાં કોઈપણ એક વારસદારના નામે સભ્યપદ ટ્રાન્સફર કરવામાં આવશે.

૨. આજીવન :–

સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિત એકી સાથે રૂા.૧૦૦૧/– કે તેથી વધુ રકમ દાન તરીકે આપશે તેને આજીવન સભ્ય તરીકે ગણવામાં આવશે. આજીવન સભ્યપદ, અવસાન થતાં લીસ્ટમાંથી કમી કરવામાં આવશે.

હિતી અધિકાર અધિનિયમ વધે નકલ આપી.

૩. વાર્ષિક :–

સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિચત દર વર્ષે રૂા.૧૦/– આપશે પરંતું સાથે સાથે સમાજના માસિક 'વાળંદ વિકાસ' નું લવાજમ ભરવાનું રહેશે.

નોંધ : "વાર્ષિક" સભાસદો સિવાયના વર્ગના બાકીના સભ્યોને ઉપલા વર્ગમાં બાકીની રકમ આપતાં જવાની છુટ રહેશે.

(૬) સભ્યના અધિકાર :–

૧. 'સંઘ' ની વાર્ષિક સામાન્ય કે અસાધારણ સભામાં હાજર રહી કાર્યવાહીમાં ભાગ લેવો અને તેમાં પોતાનો મત આપવો.

૨. કોઈપણ સભ્યને સભ્યપદનું રાજીનામું આપવું શરૈ તો તે લેખિત આપવું પડશે, અને કાર્યવાહક સમિતિ તે સ્વીકારે ત્યારબાદ સભ્ય તરીકે મુકત થયેલો ગણાશે.

(૭) 'સંઘ' નું વર્ષ :–

'સંઘ' નું વર્ષ એપ્રીલ માસથી શરૂ થઈ માર્ચ આખરે પુરૂ થશે.

(૮) સંચાલન :–

૧. સંઘની પ્રવૃતિ આગળ ધપાવવા સંઘની સામાન્ય સભા ૨૨ સભ્યોના ટ્રસ્ટીઓની પાંચ વર્ષ માટે વરણી કરશે.

૨. સામાન્ય સભા ટ્રસ્ટને રૂા.પાંચ લાખ કે તેથી વધુ દાન આપનારા દાતાઓને ભલામણ કરેલ વધુ ૯ ટ્રસ્ટીઓને મંજુર રાખશે.

૩. આમ કુલ ૩૧ સભ્યોના 'ટ્રસ્ટીમંડળ' એટલે કે કાર્યવાહક સમિતિમાંથી નીચે પ્રમાણેના ૧૪ (ચૌદ) હોદ્દેદારો એક વર્ષ માટે વરાશે (૧) પ્રમુખ, (૨) બે ઉપપ્રમુખ, (૩) મંત્રી, (૪) બે સહમંત્રી, (૫) કોષાધ્યક્ષ, (૬) અન્વેષક, (૭) તંત્રી અને પ્રકાશક–"વાળંદ વિકાસ", (૮) ચેરમેન અને મંત્રી, પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ, (૯) ચેરમેન અને મંત્રી, રેવાબા સાંસ્કૃતિક હોલ બાકીના કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ગણાશે હોદ્દેદારોની વરણી ટ્રસ્ટી મંડળમાંથી દર વર્ષે ટ્રસ્ટીમંડળ કરશે.

૪. ટ્રસ્ટીમંડળ :–

ી અધિકાર અધિનિયમ
ા નકલ આપી.

સંઘની સ્થાવર તેમજ જંગમ મિલકતી સહી સલામતી અને વ્યવસ્થા માટે ૩૧ (એકત્રીસ) સભ્યોનું ટ્રસ્ટીમંડળ રહેશે.

(અ) સંસ્થાની સ્થાવર–જંગમ મિલકત તેમજ જામીનગીરીઓ વિગેરે "શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ" ના ટ્રસ્ટીઓને નામે રહેશે.

(બ) ટ્રસ્ટીઓ સામાન્ય સભાની સંમતિ સિવાય "સંઘ" ની સ્થાવર કે જંગમ મિલકત દાન કે ભેટ આપી શકશે નહી અને વેચી શકશે નહીં, તેમજ ગીરો મુકશે નહી.

(ક) ટ્રસ્ટીઓની મુદત પાંચ (૫) વર્ષની ગણાશે દર પાંચ વર્ષની આખરે સામાન્ય સભા ટ્રસ્ટીઓની નવેસરથી વરણી કરશે. આ નિમણુંકમાં નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ ફરી વરણી થવાને પાત્ર ગણાશે.

(ડ) જામીનગીરી અથવા રોકાણોમાં ફેરફાર કરવાની અગર રોકાણ કરવાની સત્તા ટ્રસ્ટી મંડળની રહેશે.

(ઈ) સંસ્થાની સ્થાવર મિલકતના ફેરફાર કરવાની સત્તા સામાન્ય સભાને રહેશે.

(ફ) આ સંસ્થાના અથવા સંસ્થા હસ્તકના ફાજેલ ફંડની રકમ પૈકી મોટી રકમ પડતર રહે તે કાર્યવાહક સમિતિની બહાલીથી ટ્રસ્ટ એકટના નિયમાનુસાર સંઘના ટ્રસ્ટીઓના નામે રોકવામાં આવશે. ટ્રસ્ટીઓની નવી ચુંટણી થતાં વિદાય થતાં ટ્રસ્ટીઓ જામીનગીરીઓ અને રોકાણો, નવા ટ્રસ્ટીઓના નામ પર કરી આપશે અને સ્થાવર મિલકત નવા ટ્રસ્ટીઓના નામ પર દાખલ કરવામાં આવશે.

(ગ) ટ્રસ્ટીઓ પૈકી કોઈ ગાંડો, નાદાર, સંસ્થાને નુકશાન કર્તા અગર સંઘનો દેવાદાર બનશે તો ટ્રસ્ટ મંડળમાંથી આપોઆપ દુર થવાને પાત્ર બનશે મુદર દરમિયાન કોઈ ટ્રસ્ટી રાજીનામું આપે અથવા અવસાન થાય તો ખાલી પડતી જગ્યા બાકીની મુદત સુધી ટ્રસ્ટીમંડળ (કાર્યવાહક સમિતિ) ભરી શકશે.

(૯) હોદ્દેદારોની ફરજો :–

૧. પ્રમુખ :–

કાર્યવાહક મંડળની સામાન્ય સભા, અસાધારણ સભા અને વાર્ષિક સભાના કામકાજમાં દોરવણી આપશે અને વ્યવસ્થા જાળવશે, સંસ્થાના રોજબરોજના કામોમાં ધ્યાન આપશે આ અંગેની બધી જરૂરી સત્તા પ્રમુખની રહેશે.

અધિકાર અધિનિયમમાં ...લ આપી.

૨. ઉપપ્રમુખ :–

પ્રમુખની ગેરહાજરીમાં તેના અધિકારના કામો કરશે અને પ્રમુખ હાજર હોય તે સમયે તેમના કામમાં મદદ કરશે.

૩. મંત્રી :–

૧. સંઘના ધ્યેય અને સંઘ તરફથી યોજાયેલ પ્રવૃતિઓને સફળ બનાવવા પ્રયત્ન કરશે. ઉપરાંત યોગ્ય લાગે ત્યારે પ્રચાર મીટીંગો ભરશે–ભરાવશે.

૨. કાર્યવાહક સમિતિ કે સામાન્ય સભાની મીટીંગોની તેના સભ્યોને તેના કામકાજ સાથેની લેખિત જાણ કરશે. સામાન્ય સંજોગોમાં કોઈપણ પ્રકારની સભાની નોટીસ, સમાચાર કે અહેવાલ "વાળંદ વિકાસ" ના માધ્યમથી દરેક સભ્યને આપવામાં આવશે.

૩. સંઘના વર્ષ દરમ્યાન થયેલ કામનો સંપુર્ણ હેવાલ વાર્ષિક સભા સમક્ષ રજુ કરશે.

૪. સંઘનું વર્ષ પુરૂ થયે ત્રણ માસની મુદતમાં વાર્ષિક સભા બોલાવવા તજવીજ કરશે.

૫. સંઘના સભ્યોના લવાજમ, સભાસદ ફી ઉઘરાવશે.

૬. સભાના કામકાજની નોંધ રાખશે.

૭. સંઘના નામ પત્રવ્યવહાર કરશે.

૮. માસિક રૂા.૨૫૦૦૦/– સુધીનું અને એકી સાથ રૂા.૫૦૦૦/– સુધીનું ખર્ચ કરી શકશે.

૪. મદદનીશ મંત્રી :–

૧. મંત્રીની ગેરહાજરીમાં મદદનીશ મંત્રીઓ પૈકી હાજર રહેલા સભ્યો નકકી કરે તે મંત્રી તરીકે કામ કરશે.

૨. સંઘના રોજીંદા કામોમાં મંત્રીને સહકાર આપશે.

૫. કોષાધ્યક્ષ :–

૧. સંઘના મંત્રી–પ્રમુખ તથા અન્ય કાર્યકરો તરફથી સભાસદ ફી, માસિકનું લવાજમ તથા દાન, ભેટ તેમજ ટ્રસ્ટની રકમો વગેરે જે કાંઈ મોકલવામાં આવે તેનો સ્વીકાર કરશે અને પાકી પહોંચ આપશે.

હિતી અધિકાર અધિનિયમ
ન્વયે નકલ આપી.

૨. આવક–જાવકનો હિસાબ શાખી સંઘે ઠરાવેલી નીતી મુજબ તેની વ્યવસ્થા કરશે.

૩. સંઘનું ભંડોળ સંસ્થાના નામે ઠરાવેલી બેંકોમાં મુકવામાં આવશે અને તે કોષાધ્યક્ષ અને પ્રમુખ અગર મંત્રી પૈકી એક એમ બે શખ્સોની સહીથી કાર્યવાહક સમિતિની મંજુરીથી નાણાં બેંકમાંથી ઉઠાવી શકશે

૪. દર ત્રણ માસનો હિસાબ જયારે કાર્યવાહક સમિતિ મળે તે સમયે રજુ કરશે.

૬. અન્વેષક :–

અન્વેષક યાને આંતરીક ઓડીટરની દર વર્ષે ટ્રસ્ટીમંડળ સિવાયના સભ્યમાંથી સામાન્ય સભા વરણી કરશે.

૧. ખજાનચીએ તૈયાર કરેલા હિસાબો જોઈ તપાસી પોતાના અભિપ્રાય સાથે હેવાલ પ્રમુખ–મંત્રીને મોકલશે.

૨. સંઘના હિસાબો અવારનવાર અચુક તપાસી જોઈ તેની કાર્યવાહક સમિતિને જાણ કરશે.

૭. તંત્રી અને પ્રકાશક :–

સંઘની નીતી અનુસાર માસિકનું સંચાલન કરશે.

(૧૦) પ્રકીર્ણ નિયમો :–

૧) સંઘની સભાઓ નીચે પ્રમાણે અગાઉથી સુચના આપી બોલાવવામાં આવશે.

૧. સામાન્ય સભા ૧૫ દિવસ અગાઉ.

૨. ટ્રસ્ટીમંડળ (કાર્યવાહક સમિતિ) આઠ દિવસ અગાઉ.

૨) "ટ્રસ્ટીમંડળ" (કાર્યવાહક સમિતિ) ની સભા દર ત્રણ માસે બોલાવવામાં આવશે.

૩) સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની કાર્યસાધક સંખ્યા અનુક્રમે ૫૧ અને ૧૧ સભ્યોની ગણાશે.

૪) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા જે તે દિવસે અને સ્થળે અડધો કલાક બાદ ફરી બોલાવશે અને તેને કોરમનો નિયમ લાગુ પડશે નહી.

...તી અધિકાર અધિનિયમ
...યે નકલ આપી.

૫) કોઈપણ સભામાં બંને બાજુ સરખા મત થતા હશે તો પ્રમુખને પોતાનો વધારાનો (કાસ્ટીગ) મત આપવાની સત્તા રહેશે.

૬) સંઘના બંધારણ વિરૂધ્ધ વર્તન કરનાર અગર તેને નુકશાન કરે તેવી પ્રવૃતિ કરનાર કોઈપણ સાથે શિસ્તભંગના પગલા લેવાનો અધિકાર ટ્રસ્ટી મંડળ (કાર્યવાહક સમિતિ) ને રહેશે. પ્રાથમિક સભ્યપદેથી દુર કરશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૭) વર્ષની અધવચ્ચે ખાલી પડતી કોઈ હોદ્દેદારની કે કાર્યવાહક સમિતિના સભ્યની જગા કાર્યવાહક સમિતિ પુરી શકશે.

૮) સંઘમાંથી કમી કે નિવૃત્ત થનાર સભ્યોનો સંઘના મિલકત ઉપર કોઈપણ જાતનો અધિકાર રહેશે નહીં.

૯) સામાન્ય સભા કે કાર્યવાહક સમિતિની સભામાં આમંત્રિત સભ્યો ભાગ લઈ શકશે પરંતુ મતદાનમાં ભાગ લેવાનો અધિકાર તેમને રહેશે નહી.

૧૦) સંઘનું કાર્યાલય શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ, ગુલબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ–૬ રહેશે.

૧૧) બંધારણના નિયમોના અનુસંધાનમાં જે કોઈ પેટા નિયમોની જરૂર પડે તો કાર્યવાહક સમિતિને પેટા નિયમો ઘડવાની સત્તા રહેશે પરંતુ બંધારણમાં સુધારા વધારા કાર્યવાહક સમિતિની ભલામણથી સામાન્ય સભામાં મંજુર કરાવવાના રહેશે.

૧૨) પ્રમુખ/મંત્રી/ટ્રસ્ટી સાથે અવિશ્વાસની દરખાસ્ત ટ્રસ્ટી મંડળના ૨/૩ સભ્યો લાવી શકશે અને તેને ટ્રસ્ટીમંડળે કોઈપણ હોદ્દા ઉપરથી બહુમતીથી દુર કરી શકશે.

૧૩) વાળંદ વિકાસ, પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ અને રેવાબા સાંસ્કૃતિક હોલના સરળ સંચાલન માટે અનુક્રમે મંત્રી/પ્રકાશક, ચેરમેન/મંત્રીના નેજા નીચેની પેટા કમીટીની નિમણુંક અથવા ફેરબદલ ટ્રસ્ટીમંડળ (કાર્યવાહક સમિતિ) કરી શકશે.

૧૪) ટ્રસ્ટી મંડળ, ટ્રસ્ટના સંચાલન અને તેને મદદરૂપ થવાના આશયથી એક સલાહકાર સમિતિની નિમણુંક કરી શકશે તેમાં સમાજના અગ્રણી નિષ્ણાંત, બુધ્ધિજીવીઓ, દાતાઓ તથા પરદેશના પ્રતિષ્ઠીત મહાનુભાવો હશે. આ સમિતિ સંયુકત અગર વ્યકિતગત રીતે ટ્રસ્ટીમંડળને માર્ગદર્શન આપશે. વખતો વખત ટ્રસ્ટીમંડળ આ સમિતિમાં ફેરબદલ કરી શકશે.

૧૫) જો કોઈપણ મીટીંગમાં હાજર ૨/૩ સભ્યો કાયદેસરની ચુંટણી માટે માંગણી કરશે તો, ટ્રસ્ટીમંડળ એક નિષ્પક્ષ ચુંટણી કમીટી બનાવી, ચુંટણી અંગેના નિયમો બનાવી, ચુંટણી જાહેરનામું બહાર પાડી તે પ્રમાણે ચુંટણી પ્રક્રિયા કરી પરીણામ બહાર પાડશે. આ કમીટીના કન્વીન્નર પ્રમુખ/મંત્રી રહેશે.

માહિતી અધિકાર અધિનિયમ અન્વયે નકલ આપી.

૧૬) રૂ.પાંચ લાખ કે તેથી વધુ દાન આપનારા દાતાઓ ધ્વારા સુચવેલા કાયમી ટ્રસ્ટીઓ ગણાશે અને તેમાં પણ ખાલી પડેલ જગ્યાઓ જે તે પ્રમાણે દાતાઓની ભલામણથી જ ભરવામાં આવશે.

૧૭) જે તે સમય સંજોગો પ્રમાણે ખર્ચ કરવાની મર્યાદા કે કોઈ સરળ વહીવટ માટે નિયમો બનાવવા પડે તો ટ્રસ્ટીમંડળ (કાર્યવાહક સમિતિ) ની ભલામણથી

સામાન્ય સભા મંજુર રાખશે. આવા નિયમોનો અમલ સામાન્ય સભાની મંજુરી બાદ કરી શકાશે.

૧૮) ટ્રસ્ટના તમામ બેંક ખાતા તથા ડીપોઝીટો વિગેરે પ્રમુખ, મંત્રી અને ખજાનચીની સહીથી રાખવામા આવશે પરંતું આ ત્રણ પૈકી કોઈપણ બેના સહીથી લેવડ દેવડ કરી શકાશે.

માહિતી અધિકાર અધિનિયમ ... નકલ આપી.

૧૯) જામીનગીરીઓ કે મિલકતા બાબતે ટ્રસ્ટ એકટની કલમ-૩૬ મુજબની જોગવાઈઓ અનુસરવાની રહેશે તેમજ પબ્લીક ટ્રસ્ટ અધિનિયમો અને નિયમ મુજબ કાર્ય કરવાનું રહેશે.

...ધિકાર અધિ... ...કલ આપી.

૨૦) સુચિત બંધારણ રજુ કરનારા આ નવ ટ્રસ્ટીઓ પ્રથમ ટ્રસ્ટીઓ ગણવામાં આવશે.

તારીખ : ૧૮/૧૨/૨૦૧૦
સ્થળ : અમદાવાદ.

(હ.મ. ધોલકીયા)
ચેરિટી કમિશનર,
ગુજરાત રાજય, અમદાવાદ.